**નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭**

આદર્શ નિવાસી શાળા (કન્યા/અ.જા.),ભૂજ, જિ.કચ્છના મકાન બાંધકામની વહીવટી મંજૂરી આપવા બાબત

**ગુજરાત સરકાર**

ઠરાવ ક્રમાંક : SJED/MSM/e-file/17/2026/0132/G

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

વંચાણમાં લીધા :

(૧) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રક્રમાંક: અજાક/ગ/આનિશા/૨૦૨૫-૨૬/૨૯૭-૨૯૯,તા.૧૨/૦૧/૨૦૨૫

(૨) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્રક્રમાંક: DSCWG/0049/03/2026,તા.૦૭/૦૩/૨૦૨૬

આમુખ :

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અભ્યાસ સાથે રહેવા, જમવાની નિ:શુલ્ક સુવિધા મળી રહે તે હેતુથી રાજયમાં આદર્શ નિવાસી શાળાઓ(કુમાર અને કન્યા) ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા. ૧૭/૦૧/૨૦૨૫ ના પત્રથી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા આદર્શ નિવાસી શાળા (કન્યા/અ.જા.),ભૂજ, જિ.કચ્છના જુના જર્જરિત મકાન તોડી પાડીને તેના સ્થાને નવા બાંધકામ માટે રૂ.૧૫.૩૨/-કરોડના ખર્ચની નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા. ૦૭/૦૩/૨૦૨૬ના પત્રથી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા સદર સંસ્થાના મકાનના બાંધકામ માટે રૂ.૧૫.૩૨/- કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી માટે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા (કન્યા/અ.જા.),ભૂજ, જિ.કચ્છના જુના જર્જરિત મકાન તોડવાની મંજુરી મળ્યેથી શાળા વિભાગ, છાત્રાલય વિભાગ, સ્ટાફ ક્વાર્ટર્સ( ડી ટાઈપ ), સ્ટાફ ક્વાર્ટર્સ( સી ટાઈપ ), સ્ટાફ ક્વાર્ટર્સ( બી ટાઈપ)ના નવા બાંધકામ માટે મંજૂર થયેલ રૂ.૪૬.૪૧/- કરોડના ખર્ચઅંદાજોના ૩૩% પ્રમાણે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૧૫.૩૨/- કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શરતો :

૧. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

૨. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૩. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૪. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૫. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

૬. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૭. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

૮. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૦. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૩. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. સૂચિત કામો પૈકી જે કામો VBGRAMG હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ VBGRAMG યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ તકેદારી રાખવાની રહેશે.

૧૫. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ તકેદારી રાખવાની રહેશે.

૧૬. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

૧૭. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે **operation and maintenance** ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

૧૮. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૧૯. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૦. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેન્દ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

૨૧. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

૨૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨૩. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૨૪. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૨૫. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૨૬. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૨૭. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૮. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૨૯. **Road and Building Department Resolution No.RBD/OAS/e-file/16/2022/0002/ Section C Dt. 11/10/2023**થી પ્રસિધ્ધ થયેલ **Standard Bidding Document (SBD)** નું પાલન કરવાનું રહેશે.

૩૦. રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા હાથ ધરવામાં આવતાં કામોના ટેન્ડરને મંજુરી આપવા માટે નાણાં વિભાગના તા:૨૮.૦૩.૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક:સસપ-૧૦૯૭-૧૦૯-ઝ થી નિયત થયેલ સત્તામર્યાદા ધ્યાને લેવાની રહેંશે.

૩૧. ઉકત મિલ્કતના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.

૩૨. સદર કામનું ટેન્ડર કરવામાં આવે તે વખતે કોન્ટ્રાકટર દ્વારા **Contractors all risk Policy (CAR)**ની પોલીસી વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાની રહેશે.

૩૩. જે મંજુર થયેલ કામો/બાંધકામના સંદર્ભમાં કામ શરૂ થઇ ગયા હોય અથવા પૂર્ણ થઇ ગયા હોય અથવા પૂર્ણ થનાર હોય તેવા બાંધકામો/કામો બાંધકામોના કિસ્સામાં જયારે નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે ત્યારે આવી મિલ્કતોના વીમા, વીમા નિયામકશ્રીની કચેરીના પરામર્શમાં લેવાના રહેશે.

૩૪. આદર્શ નિવાસી શાળા(કન્યા), ભુજ, જિ.કચ્છના શાળાનું મકાન, જુનું હોસ્ટેલનું બિલ્ડીંગ, ડાયનીંગ

હોલ, વર્ગ-૩ તથા વર્ગ-૪ ના ક્વાર્ટર્સ જેવા જર્જરિત બાંધકામો તોડવા સંબંધે મંજુરી મેળવવા અલગથી દરખાસ્ત રજુ કરવાની રહેશે. જે પ્રક્રિયામાં વિલંબ થાય તેમ હોવાથી **જુના મકાન તોડવાની મંજુરી મળ્યેથી નવું બાંધકામ હાથ ધરવાની શરતે તેમજ નોંધ-૪૭ ના ફકરા-૪ માં દર્શાવેલ શરતોને આધીન કુલ રૂ.૧૫.૩૨ કરોડ**

3. આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર -૦૧ , SCW – ૨૯ આદર્શ નિવાસી શાળાના બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓમાંથી કરવાનો રહેશે.

૪. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના** :

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.કચ્છ
- સંબંધિત જિલ્લા નાયબ નિયામક, અ.જા.ક. કચેરી (નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૬

Signature Not Verified
Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2026.05.08
10:33:18 +5:30